ગુજરાતમાં દારૂબંધીના કડક દાવાઓ વચ્ચે વાસ્તવિકતા કંઈક અલગ જ ચિત્ર રજૂ કરતી ઘટના




# પ્લેટફોર્મ પર 'પાર્સલ' નહીં, દારૂ ઊતર્યો!

**વલસાડ** રેલવે આઉટપોસ્ટ સાથે જોડાયેલા એક વાયરલ વિડીયોએ બતાવી દીધું કે કાયદો ક્યાંક લખાણમાં જ બંધાઈ ગયો છે

**નવસારી** જિલ્લાના એક રેલવે સ્ટેશનના પ્લેટફોર્મ પર દમણથી લવાતો દારૂ સામાન્ય સામાનની જેમ ટ્રેનમાંથી ઉતારવામાં આવ્યો

**સવારે** નિશ્ચિત સમય પર આવતી ટ્રેનો આ હેરાફેરી માટે જાણે 'ફિક્સ રૂટ' બની ગઈ - આ કોઈ એક દિવસની ઘટના નહીં પરંતુ લાંબા સમયથી ચાલતો વ્યવહાર



નવસારી : ગુજરાતમાં દારૂબંધીના કડક દાવાઓ વચ્ચે વાસ્તવિકતા કંઈક અલગ જ ચિત્ર રજૂ કરતી એક ઘટના સામે આવી છે. વલસાડ રેલવે આઉટપોસ્ટ સાથે જોડાયેલા એક વાયરલ વિડીયોએ બતાવી દીધું છે કે કાયદો ક્યાંક લખાણમાં જ બંધાઈ ગયો છે, જ્યારે જમીન પર તેનો અમલ સવાલોમાં છે.

નવસારી જિલ્લાના એક રેલવે સ્ટેશનના પ્લેટફોર્મ પર દમણથી લાવવામાં આવતો વિદેશી દારૂ જાણે કોઈ સામાન્ય સામાનની જેમ ટ્રેનમાંથી ઉતારવામાં આવી રહ્યો છે. વિડીયોમાં કેટલીક મહિલાઓ બિન્દાસ્ત રીતે દારૂના જથ્થા ઉતારતી નજરે પડે છે અને આ બધું પોલીસની હાજરીમાં જ થઈ રહ્યું હોવાનો દાવો વધુ ચોંકાવનારો છે.

માહિતી મુજબ, સવારે નિશ્ચિત સમય પર આવતી ટ્રેનો આ હેરાફેરી માટે જાણે 'ફિક્સ રૂટ' બની ગઈ છે. સ્થાનિકોમાં ચર્ચા છે કે આ કોઈ એક દિવસની ઘટના નથી, પરંતુ લાંબા સમયથી ચાલતો વ્યવહાર છે.

સવાલ એ છે કે જાહેર સ્થળે, પોલીસની નજર સામે જ જો આટલો ખુલ્લેઆમ કાયદાનો ભંગ થઈ શકે, તો પછી દારૂબંધીનો અર્થ શું રહ્યો? શું તંત્ર આથી અજાણ છે કે પછી આંખ મીંચી રાખવામાં આવી રહી છે?

વાયરલ વિડીયોએ તંત્રને અરીસો બતાવ્યો છે. હવે જોવાનું એ રહ્યું કે આ ઘટનાને માત્ર 'વાયરલ' પૂરતી જ રાખવામાં આવશે કે પછી વાસ્તવિક કાર્યવાહી પણ થશે.

# ડાંગ ભાજપમાં 'એક પરિવાર, એક હોદ્દા'ના નિયમના લીરેલીરા

**નેતાઓ** અને તેમના પરિવારજનોએ જ બેઠકો માટે દાવેદારી નોંધાવતા પક્ષની આંતરિક વિસંગતિઓ સપાટી પર આવી

સાપુતારા : રાજ્યના છેવાડે આવેલા ડાંગ જિલ્લામાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી પૂર્વે જ ભારતીય જનતા પાર્ટીમાં ભડકો થયો છે. વિશ્વની સૌથી મોટી શિસ્તબદ્ધ પાર્ટી ગણાવતી ભાજપમાં હાલ એક પરિવાર, એક હોદ્દોનો નિયમ માત્ર કાગળ પર જ હોય તેવું ચિત્ર ઉપસી રહ્યુ છે. સંગઠનમાં મહત્વના હોદ્દા ભોગવતા નેતાઓ અને તેમના પરિવારજનોએ જ તાલુકા તથા જિલ્લા પંચાયતની બેઠકો માટે દાવેદારી નોંધાવતા પક્ષની આંતરિક વિસંગતિઓ સપાટી પર આવી છે, જેના કારણે પાયાના કાર્યકરોમાં ઉગ્ર અસંતોષ ફેલાયો છે. ડાંગ જિલ્લા ભાજપમાં હાલ એક સાંધે ત્યાં તેર તૂટે જેવી સ્થિતિ સર્જાઈ છે. પાર્ટીની ઘોષિત નીતિ મુજબ સંગઠનના હોદ્દેદારોએ ચૂંટણી મેદાનથી દૂર રહેવાનું હોય છે, પરંતુ અહીં તો હોદ્દેદારો જ ટિકિટ માટે પડાપડી કરી રહ્યા છે. આ પરિસ્થિતિને પગલે પક્ષની વિચારધારા સામે જ પ્રશ્નચિહ્ન ઊભું થયું છે. વર્ષોથી પક્ષ માટે લોહી-પરસેવો વહાવતા નિષ્ઠાવાન કાર્યકરોમાં એવો ગણગણાટ શરૂ થયો છે કે, શું નિયમો માત્ર સામાન્ય કાર્યકરો માટે જ છે? આ આંતરિક ખેંચતાણ અને જૂથબાજીને કારણે આગામી ચૂંટણીમાં ભાજપને મોટું નુકસાન થવાની ભીતિ છે, જેનો સીધો ફાયદો કોંગ્રેસને મળી શકે તેમ છે. સૌથી ચોંકાવનારી બાબત એ છે કે જિલ્લામાં પક્ષના લિરેલીરા ઉડી રહ્યા છે છતાં જવાબદાર નેતાઓ મૌન સેવી રહ્યા છે. વલસાડ-ડાંગના સાંસદ ધવલ પટેલ, ધારાસભ્ય વિજય પટેલ, જિલ્લા પ્રમુખ કિશોર ગાવીત અને પ્રભારી રાજેશ દેસાઈ આ સમગ્ર તમાશો મૂકપ્રેક્ષક બનીને જોઈ રહ્યા હોય તેમ જણાય છે. સંગઠનના હોદ્દેદારોના પરિવારજનોની દાવેદારીને રોકવામાં નિષ્ફળ રહેલું આ નેતૃત્વ પાયાના કાર્યકરોનો વિશ્વાસ ગુમાવી રહ્યું છે. જો ભાજપ હાઈકમાન્ડ આ મામલે કડક હાથે કામ નહીં લે, તો શિસ્ત અને કેડરના નામે અપાતી દુહાઈઓ માત્ર પોકળ સાબિત થશે. હવે જોવાનું એ રહેશે કે પ્રદેશ નેતૃત્વ ડાંગમાં ફેલાયેલી આ અરાજકતાને ડામશે કે પછી એક પરિવાર-એક હોદ્દોનો નિયમ કાયમ માટે કચરાપેટીમાં પધરાવી દેવામાં આવશે.

# નીકળી ગયેલા 1400થી વધુ મતદારોનો ફરી દેહરીમાં સમાવેશ

**મતદાર** યાદીમાં થયેલી ભૂલ તંત્રએ સુધારી લીધી

**3-દહાડ** તા.પંચાયત ઉમરગામની મતદાર યાદીમાં ભાગ નંબર 4 અને 5 મા જતા રહ્યા હતા

ઉમરગામ : સામી તાલુકા જિલ્લા પંચાયતની ચૂંટણી ટાણે દેહરીની મતદાર યાદીમાં મોટી ભૂલ સામે આવી હતી. 3-દહાડ તા.પંચાયતની મતદાર યાદીમાં જતા રહેલા દેહરીના 1400 થી વધુ મતદારોના નામોનો ફરી દેહરીમાં સમાવેશ કરવામાં આવતા રાજકીય પક્ષો મતદારો અને ઉમેદવારોએ હાશકારો અનુભવ્યો છે.

પ્રાપ્ત સૂત્રો પાસેથી મળતી વિગતો મુજબ ઉમરગામ તાલુકાના દેહરી ગામના ભંડારવાડ, પતરાગઢ, રામવાડી, બગરિયા અને ભીંડીયા ફળિયા વિસ્તારના અંદાજે 1400 થી પણ વધુ મતદારોના નામો મતદાર યાદીમાંથી નીકળી ગયા હોવાની ચોકાવનારી વિગતો સામે આવી હતી અને આ મતદારો 3-દહાડ તાલુકા પંચાયતની મતદારયાદીના ભાગ નંબર 4 અને 5 મા જતા રહ્યા હોય આ સમગ્ર બાબતે દેહરી ગામ પંચાયતના સરપંચ ધનેશભાઈ તથા ઉપસરપંચ ઉમેશભાઈ, સભ્ય નીતિનભાઈ તથા માજી ઉપસરપંચ રાજેશભાઈએ ચૂંટણી શાખામાં તથા ઉમરગામ મામલતદારને મતદાર યાદીમાં ભુલ થઈ હોય સુધારો કરવા રજૂઆત કરતા તંત્ર હરકતમાં આવ્યું હતું અને પંચકેશ જવાબો દેહરી ગામના મતદારોના આગેવાનોના લેવામાં આવ્યા હતા. ઉમરગામ તાલુકાના મામલતદાર ડી.સી.બ્રાહ્મણકાચ્છ સાથે 'ગુજરાતમિત્ર'એ ટેલિફોનિક વાત કરતા તેમણે જણાવ્યું હતું કે 3-દહાડ પંચાયતની મતદાર યાદીના ભાગ નંબર 4/11 અને 5/11 માં જતા રહેલા દેહરીના મતદારોનો ફરી સમાવેશ દેહરીની મતદાર યાદીમાં કરવામાં આવ્યો છે. અને મતદાર યાદીમાં થયેલી ભૂલ સુધારી લેવામાં આવી છે.

## સંક્ષિપ્ત સમાચાર

### બીલીમોરામાં ધોમધખતા તાપમાં પક્ષીઓ માટે પાણી અને આશ્રયની વ્યવસ્થા કરાઈ




બીલીમોરા : ઉનાળાની કાળઝાળ ગરમીમાં તરસતા અબોલ પક્ષીઓ માટે જગદંબા ફૂડ પ્રોડક્ટ અને સહયોગીઓ દ્વારા રાજભોગ સર્કલ ઉપર પાણીના કુંડા અને બે હજાર પક્ષીઘરનું વિનામૂલ્યે વિતરણ કરવામાં આવ્યું હતું. લોકો દ્વારા હર્ષભેર સ્વીકારી ઉત્સાહપૂર્વક કુંડા અને પક્ષીઘર લઈ જઈ પોતાના ઘર, મંદિર, ઓફિસ તેમજ વૃક્ષો પર મૂક્યા હતા. કુંડામાં ભરાયેલું પાણી પક્ષીઓની પ્યાસ બુઝાવશે, જ્યારે પક્ષીઘર તેમને સુરક્ષિત આશ્રય આપશે. આ સેવા કાર્યમાં જગદંબા ફુડ પ્રોડક્ટના સાઈલાલ કુમાવત, બીલીમોરા પાલિકા પ્રમુખ મનીષ પટેલ, ડો.દીપેશ પટેલ, ડો.સનમ પટેલ, ડો.નીલ દેસાઈ, ચિંતન શાહ, વિરલ મિસ્ત્રી, ધર્મેશ પટેલ, સુમનલતા વર્મા, શર્મિલા દેસાઈ, લીના પટેલ, મયુરી પટેલ નિરુબેન પટેલ સહિત પક્ષી પ્રેમી ઉપસ્થિત રહ્યા હતા. આ પહેલ માત્ર વિતરણ પૂરતી સીમિત નથી, પરંતુ જીવદયા, પર્યાવરણ સંરક્ષણ અને માનવતાનાં મૂલ્યોને જીવંત રાખવાનો એક સંદેશ પણ આપે છે કે પ્રકૃતિના દરેક જીવ પ્રત્યે કરુણા રાખવી એ જ સાચી સેવા છે.

### મજીગામમાં સુંદર કાંડના પાઠનું આયોજન

ઘેજ : ચીખલીના મજીગામમાં હનુમાનજીના સુંદર કાંડના પાઠનું આયોજન કથાકાર અજય બાપુના સાંનિધ્યમાં કરવામાં આવ્યુ હતુ. આસોપાલવ હીલ સોસાયટીમાં અમિતસિંહ પરમાર અને નિમિષાબેન દ્વારા આયોજિત સુંદરકાંડના પાઠ વ્યાસપીઠ પરથી કુકેરીવાળા કથાકાર અજય બાપુ અને તેમની ટીમ દ્વારા તબલાવાદક પંકજભાઈ સહિતનાઓની સુરાવલી, સંગીત સાથે સુંદરકાંડના પાઠ કરવામાં આવ્યા હતા. આ પ્રસંગે કથાકાર અજય બાપુએ હનુમાન દાદાના નામનો અર્થ સમજાવતા જણાવ્યુ હતુ કે હ એટલે હકારાત્મક, જીવનમાં કોઈ પણ સ્થિતિમાં હંમેશાં હકારાત્મક રહેવું જોઈએ ક્યારેય સંશય ન કરવો જોઈએ. નુ એટલે ક્યારેય કોઈને આપણે નુકસાન ન પહોંચાડવું જોઈએ. છેલ્લે ન એટલે નમ્રતા એમ જણાવી હનુમાનજી પ્રેરણા લઈ તેને અનુસરીએ તો પરમતત્વ ને પામવા સાથે જીવન ધન્ય બની જતુ હોય છે.

### નવસારીમાં હાથમાં લોખંડનો પાઈપ લઈને ફરતો બસ ડ્રાઈવર ઝડપાયો

નવસારી : નવસારીના ચાંદની ચોક પાસે દરજી પંચની વાડી નજીક એક બસ ડ્રાઈવર હાથમાં લોખંડની પાઈપ લઈને ફરતો હતો, જાણે કાયદો તેની માટે બન્યો જ ન હોય. આ આખી ઘટના કોઈકના મોબાઈલમાં કેદ થઈ અને થોડા જ સમયમાં સોશિયલ મીડિયામાં વાયરલ થઈ ગઈ. ત્યારબાદ જે થવાનું હતું તે થયું પોલીસ સીધી એક્શનમાં આવી ગઈ. પોલીસે સ્થળ પર પહોંચી આરોપી મિતભાઈ હસમુખભાઈ ભલાણી (ઉંમર 27, રહે. જલાલપોર)ને ઝડપી પાડ્યો હતો. તેની પાસે આશરે એક મીટર લાંબી પાઈપ મળી આવ્યો હતો. જિલ્લા મેજિસ્ટ્રેટના આદેશોને અવગણીને ફરતા આવા તત્વો માટે હવે સંદેશ સ્પષ્ટ છે. કાયદો માત્ર સામાન્ય લોકો માટે નથી, દરેક માટે સમાન છે. નવસારી ટાઉન પોલીસે ગુજરાત પોલીસે ગુનો નોંધી કાર્યવાહી હાથ ધરી છે.

# નદીમાંથી મળેલી યુવાનની લાશને હત્યામાં ખપાવવા પ્રયાસ

**કોલોનીમાં** સાથે રહેતા એક શખ્સ સાથે ઝઘડો થતા અદાવતમાં નદીમાં ધક્કો મારીને ફેકી હત્યા કરવામાં આવી હતી

ઉમરગામ : ઉમરગામ હુમરણ વારોલી નદીના પાણીમાંથી મળેલી એક યુવાનની લાશ પ્રકરણમાં પોલીસને મોટી સફળતા મળી છે. મૃત્યુ પામનાર યુવાનને ધક્કો મારી નદીમાં ફેંકી દેવામાં આવ્યો હોવાનું પોલીસની ઝીણવટભરી તપાસમાં ખુલવા પામ્યુ છે.

પ્રાપ્ત સુત્રો પાસેથી મળતી જાણકારી મુજબ ઉમરગામ તાલુકાના હુમરણ સીમ્સ મેટા કાસ્ટ કંપનીના કોલોનીમાં રહેતા મૂળ સિદ્ધાર્થ નગર ઉત્તર પ્રદેશનો યુવાન રમેશ શ્યામ લાલ (ઉં 40) ની લાશ હુમરણ સુરેશા ટી લિમિટેડ કંપનીની સામે વારોલી નદીના પાણીમાં ડૂબેલી હાલતમાં શુક્રવારે મળતા ઉમરગામ પોલીસે શરૂઆતમાં અકસ્માત મોતનો ગુનો નોંધી લાશનુ પીએમ કરાવી ઉમરગામ પોલીસે વધુ તપાસ હાથ કરી હતી.

પ્રાથમિક દ્દષ્ટિએ જોતા આ ઘટના અકસ્માત હોય તેવું લાગતુ હતુ. પરંતુ પોલીસે ઝીણવટભરી તપાસ કરતા ખબર પડી હતી કે મૃત્યુ પામનાર યુવાન રમેશની હત્યા કરવામાં આવી છે. તેની સાથે કોલોનીમાં રહેતા એક શખ્સનો ઝઘડો થયો હતો. અને આ અદાવતમાં નદીના પાણીમાં ધક્કો મારીને ફેકી હત્યા કરવામાં આવી છે. ઉમરગામ પોલીસે હત્યાની કલમનો ઉમેરો કરી આરોપીને પકડી પાડવા ચક્રો ગતિમાન કરી વધુ તપાસ હાથ ધરી છે.

# અકસ્માતમાં 'ટોટલ લોસ' થતા માલિકે બે પિકઅપ વાન ચોરી

**મહારાષ્ટ્રથી** ચોરાયેલી બે પીકઅપ સાથે બે શખ્સને વઘઈ પોલીસે ઝડપી પાડ્યા

**ઇન્સ્યોરન્સ** પાસ ન થતા અને રિપેરિંગનો ખર્ચ રૂ. ૪ લાખ આવતા વાહનના સ્પેરપાર્ટ્સ બદલવા ચોરી કરવાનું શરૂ કર્યું




સાપુતારા : વઘઈના પોલીસ ઈન્સ્પેક્ટર એ.એ.ચાવડા અને ટીમ વઘઈ-આહવા રોડ પર વાહન ચેકિંગમાં હતી. તે દરમિયાન શંકાસ્પદ પસાર થતી પિકઅપ (MH-15-EG-2850) ને રોકી તપાસ કરતા ચાલક પાસે કોઈ દસ્તાવેજો ન હતા.

'ઈ-ગુજકોપ'માં સર્ચ કરતા આ વાહન અન્ય વ્યક્તિના નામે હોવાનું ખુલ્યુ હતુ. કડક પૂછપરછમાં આરોપીઓએ કબૂલાત કરી હતી કે આ વાહન વણીથી ચોર્યું હતું. આરોપીઓએ બે મહિના પહેલા સુરગાણા પેટ્રોલ પંપ પરથી અન્ય એક પિકઅપ (MH-42-M-7630) ચોર્યું હોવાની પણ કબૂલાત કરી હતી, જે પોલીસે પીપલગાવથી રિકવર કર્યું છે. મુખ્ય આરોપી ચંદ્રકાંત જાદવની પિકઅપ અકસ્માતમાં 'ટોટલ લોસ' થઈ ગયું હતું. ઈન્સ્યોરન્સ પાસ ન થતા અને રિપેરિંગનો ખર્ચ ૪ લાખ હોવાથી, તેણે વાહનના સ્પેરપાર્ટ્સ બદલવા વાહનોની ચોરી કરવાનું શરૂ કર્યું હતુ. વઘઈ પોલીસે ચંદ્રકાંત જાદવ (ઉં.૩૧, રહે. સૂર્યગઢ, સુરગાણા) અને મનોજ ભોયે (ઉં.૨૩, રહે. કરંજલી, સુરગાણા) ની અટકાયત કરી પિકઅપ વાન, સ્માર્ટ ફોન મળી ૪,૯૫,૦૦૦ નો મુદ્દામાલ જપ્ત કરી આરોપીઓની અટક કરી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

## ધરમપુરનાં જાગીરીમાં કાર અડફેટે બાઈક ચાલકનું મોત

ધરમપુર : ધરમપુરનાં જાગીરી ગામે હરીભાઈ મનીરામભાઈ બોબે (ઉં.17) પોતાની બાઈક નં. જીજે 15 ઈએચ 8483 ઉપર કામ અર્થે જઈ રહ્યા હતાં. તે અરસામાં જાગીરી બોપી રોડ ઉપર સ્વીફટ કાર નં જીજે 15 એડી 6890 નો ચાલક વૈભવ રામચંદ્ર થોરાટે પોતાની કાર ગફલતભરી રીતે હંકારી લાવી બાઈકચાલક હરીભાઈ બોબેને અડફેટમાં લેતાં ગંભીર ઈજા પહોંચતા તેમને 108 મા વલસાડ સિવિલ હોસ્પિટલમાં ખસેડાતા મોત નિપજ્યું હતું.

# નવસારીમાં મજૂરનું છઠ્ઠા માળેથી પટકાતા મોત

નવસારી : નવસારીમાં ઊંચી ઈમારતો ઊભી કરનાર મજૂર પોતાની જિંદગી બચાવી શક્યો નહીં. વિકાસના નામે ઊંચાઈઓ સર થઈ રહી છે, પરંતુ મજૂરોની સુરક્ષા હજુ પણ કાગળોમાં જ સીમિત રહી ગઈ હોય તેવી સ્થિતિ સ્પષ્ટ જોવા મળી રહી છે.

જમાલપોર વિસ્તારમાં ઓપેરા સ્કાય કન્સ્ટ્રક્શનની સાઈટ પર કામ દરમિયાન 45 વર્ષીય મજૂર રામાકાંતભાઈ રામલાલ ચૌહાણ અચાનક છઠ્ઠા માળેથી નીચે પટકાયા હતા. ગંભીર ઈજાઓને કારણે તેમનું ઘટનાસ્થળે જ મોત થયું હોવાનુ સામે આવ્યું છે. મળતી માહિતી મુજબ, તેઓ મજૂરી કામ દરમિયાન ઉપરના માળે કાર્યરત હતા, ત્યારે કોઈ કારણસર સંતુલન ગુમાવતા સીધા નીચે પટકાયા હતા. માથા અને ગળાના ભાગે ગંભીર ઈજા થતાં તેમની જિંદગી બચી શકી નહોતી. ઘટનાની જાણ થતા પરિવારજનોમાં શોકની લાગણી છવાઈ ગઈ હતી. પરિવારના વ્યક્તિનું આ રીતે અચાનક મોત થવાથી પરિવારે અપૂરણીય નુકસાન વેઠવું પડ્યું છે.






યુદ્ધની સ્થિતિમાં સરકારે પીએનજીના જોડાણોને પ્રાધાન્ય આપ્યું છતાં કંપનીના અખાડા

# PNG જોડાણ માટે કંપનીના ઠાગાઠૈયા

**અરજી** કર્યાંને અને નાણાં ભરી દીધાને બે વર્ષ કરતા વધુ સમય વીતી ગયો

**કસ્ટમર** કેર તથા ઓફિસમાં રજૂઆત કરી હોવા છતાં યોગ્ય જવાબ મળતા નથી

**ઘેજ : ચીખલી તાલુકાના રાનવેરીખુર્દ ગામમાં ગુજરાત ગેસમાં પીએનજીના જોડાણ માટે અરજી કર્યાં ને બે વર્ષ જેટલો સમય વીતવા છતાં જોડાણ આપવામાં આવ્યા નથી. અખાતી દેશોમાં યુધ્ધની સ્થિતિમાં એલપીજીનો પુરવઠો પ્રભાવિત થતા સરકાર દ્વારા પીએનજીના જોડાણોને પ્રાધાન્ય આપ્યું હોવા છતાં ગેસ કંપની દ્વારા અખાડા કરાઈ રહ્યા છે.**

ચીખલી તાલુકાના રાનવેરી ખુર્દ ગામના લોકોએ ગુજરાત ગેસની બીલીમોરા કચેરીમાં કરેલી લેખિત રજુઆતમાં જણાવ્યું છે કે રાનવેરી ખુર્દ ગામમાં ખરોલી ચાર રસ્તા વિસ્તારમાં ૪૦-કરતા વધુ ગ્રાહકોએ ઘરેલુ ગેસના જોડાણ માટે જરૂરી દસ્તાવેજો રજૂ કરી નિર્ધારિત રકમની ચુકવણી પણ ઓનલાઈન કરી હતી. ચુકવણી કર્યા પછી પણ આજદિન સુધી ગામમાં ગેસ પાઈપ લાઈન નાંખવાની અથવા કનેક્શન આપવાની કોઈ કાર્યવાહી કરવામાં આવી નથી. આ બાબતે ઘણા ગ્રાહકોએ કસ્ટમર કેર તથા ઓફિસમાં રજુઆત કરી હોવા છતાં યોગ્ય જવાબ મળેલો નથી. ઉપરોક્ત મુજબની લેખિત રજુઆત કર્યાને બે મહિના જેટલો સમય વીતી ગયો છે. ઉપરાંત જોડાણ માટેની માંગણી કરી નાણાંની ભરપાઈ કર્યાં ને તો બે વર્ષ જેટલો સમય વીતી ગયો છે. પણ ગેસ કંપની દ્વારા પીએનજીના જોડાણ માટે રીતસરના અખાડા કરવામાં આવી રહ્યા છે.

### નાણાં ભરી દીધાને બે વર્ષ કરતા વધુ સમય વીતી ગયો

રાનવેરી ખુર્દના નરેન્દ્રસિંહ પરમારના જણાવ્યાનુસાર ખરોલી ચાર રસ્તાના રહીશો દ્વારા પીએનજીના જોડાણો માટે નાણાં ભરી દીધાને બે વર્ષ કરતા વધુ સમય વીતવા છતાં જોડાણો અપાયા નથી. આ માટે અમે બીલીમોરા કચેરીમાં અવાર નવાર રજુઆત કરી છે.

### અધિકારીઓ સરખા જવાબ આપતા નથી

ઘેજ ભરડાના ભીખુભાઇ બાબુભાઇ પટેલના જણાવ્યાનુસાર અટગામ રોડ પર પીએનજીના જોડાણ માટે માંગણી બાદ ગુજરાત ગેસ દ્વારા સર્વે કરાયા બાદ તપાસ કરતા અધિકારીઓ દ્વારા કોઈ સરખા જવાબ આપવામાં આવ્યા નથી. ઘેજમાં અટગામ રોડ ઉપરાંત ભવાની ફળીયા અને પહાડ ફળીયામાં પણ ઘણા જોડાણોની માંગ છે.